# જન્મદિને વધામણી



દોલત ભટ્ટ
વરિષ્ઠ સાહિત્યકાર અને કોલમિસ્ટ
મો. ૯૮૨૫૫ ૨૬૨૫૫



ઉર્વશી સંજયકુમાર શાહ
મો. ૯૯૭૮૨ ૮૧૦૧૫



હંસાબેન દિનેશકુમાર રાઠોડ
મો. ૯૨૨૮૫ ૬૩૪૮૧



અજયસિંહ દિપસિંહ ઠાકોર
મો. ૮૭૫૮૦ ૪૫૧૭૧



પલક પરસોત્તમ પરમાર
મો. ૯૯૦૯૮ ૬૯૯૭૩



હેમાંગ હરેશકુમાર જોષી
મો. ૮૦૦૦૯ ૧૧૬૧૬

# અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજનો વાર્ષિકોત્સવ







કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ ખાતે તાજેતરમાં તૃતિય વર્ષના વિદ્યાર્થીઓ માટે વિદાય સમારોહ તથા કૉલેજના વાર્ષિક દિનની ઉજવણી કરવામાં આવી હતી. શેઠ ખીમજી વિશરામ સંસ્કાર ભવન ખાતે આયોજિત આ સમારોહના મુખ્ય મહેમાન તરીકે ડૉ. નિલેશ સૂચક, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગરના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, ડિરેક્ટર પ્રૉ. ડી ટી કાપડિયા અને અન્ય સંસ્થાઓના આચાર્યો ઉપસ્થિત રહ્યા હતા. પ્રાસંગિક ઉદ્‌બોધનમાં કૉલેજનાં આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાએ સમગ્ર વર્ષ દરમિયાન કૉલેજ દ્વારા હાથ ધરવામાં આવેલી પ્રવૃત્તિઓનો અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો. તેમણે કૉલેજ સ્ટાફ અને વિદ્યાર્થીઓ દ્વારા વર્ષ દરમિયાન કરવામાં આવેલી અનેકવિધ પ્રવૃત્તિઓને બિરદાવી સૌને તે માટે અભિનંદન પાઠવ્યા હતા.

કૉલેજના આ ૧૫મા વાર્ષિક દિને બોલતાં ડૉ. નિલેશ સૂચકે વિદ્યાર્થીઓને સૂચન કર્યું હતું કે જીવનની પ્રાથમિકતાઓ આ તબક્કે નક્કી કરી લેવી ખૂબ જ જરૂરી છે. ડૉ. કનુભાઈ પટેલે જણાવ્યું હતું કે કૉલેજના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને જીવન જીવવું અને માણવું એ બે વચ્ચેના તફાવતની ખબર પડવી જોઈએ.

વર્ષ દરમિયાન વિવિધ પ્રવૃત્તિઓમાં અગ્રેસર રહેલા વિદ્યાર્થીઓને આ સમારોહ અંતર્ગત ટ્રૉફી અને પ્રમાણપત્રથી નવાજવામાં આવ્યા હતા. વિદાય લઈ રહેલા વિદ્યાર્થીઓના માનમાં દ્વિતિય વર્ષના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમની પ્રસ્તુતિ પણ કરવામાં આવી હતી. આભારવિધિ ડૉ. મેહુલ પટેલ દ્વારા અને કાર્યક્રમનું સંચાલન પ્રા. પૂનમ લોહામા અને હિમાંશુ ઠક્કર દ્વારા કરવામાં આવ્યું હતું.

# એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલનો વાર્ષિક ઉત્સવ





સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ બી પટેલ ગર્લ્સ સ્કૂલનો વાર્ષિક ઉત્સવ તાજેતરમાં ઉજવવામાં આવ્યો હતો.

ધર્મવંદના થીમ આધારિત આ વાર્ષિકોત્સવમાં તેજસ્વી તારલાઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. સર્વધર્મ પ્રાર્થના અને વિવિધ ધર્મોના ડાન્સ તથા ત્રણ ધર્મોના ઉપદેશને ઉજાગર કરતાં નાટકો અંગ્રેજી, હિન્દી અને ગુજરાતી ભાષામાં ધોરણ-૧થી ૮ની ૨૨૦ જેટલી વિદ્યાર્થીનીઓએ પ્રસ્તુત કર્યાં હતાં.

તમામ વર્ગોમાં પ્રથમ આવનાર વિદ્યાર્થીનીઓને મૅરિટ સ્કૉલરશીપ પેટે શૈક્ષણિક ફીની ૫૦ ટકા રકમ પરત આપવામાં આવી હતી અને વિશેષ ઈનામ પણ એનાયત કરવામાં આવ્યું હતું. કુલ રૂપિયા ૩૨૨૮૪ સ્કૉલરશીપ પેટે ચૂકવવામાં આવ્યા હતા. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે પ્રૉ. ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ, અતિથિ વિશેષ તરીકે શાળાની પૂર્વ વિદ્યાર્થીની રિદ્ધિ લેઉવાએ ઉપસ્થિત રહી પ્રેરણાદાયી ઉદ્‌બોધનો કર્યાં હતાં. આચાર્ય નીરૂબેન પટેલ તેજસ્વી તારલાઓને અભિનંદન પાઠવી મહેમાનો તથા વાલીઓ પ્રત્યે આભારની લાગણી પ્રગટ કરી હતી.





સૈનિકોમાં સાહસિક વૃત્તિ તથા નેતૃત્ત્વના ગુણો વિકસાવવા ગોલ્ડન કતાર આર્ટીલરી બ્રિગેડ દ્વારા ૧૫થી ૨૭ ફેબ્રુઆરી દરમિયાન કયાકિંગ અને સાઈકલિંગની એક એક્સપિડીશનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં બ્રિગેડના એક ઑફિસર, બે જુનિયર કમિશન્ડ ઑફિસર અને ૧૬ જેટલા સૈનિકો જોડાયા હતા. લખપતથી અભિયાનનો આરંભ કરનારી આ ટીમ દ્વારા કુલ ૫૩૧ કિમીનું અંતર બે તબક્કામાં કાપવામાં આવ્યું હતું.

પ્રથમ ૪૬ કિમીનું અંતર કયાકિંગથી અને પછીનું ૪૮૫ કિમી અંતર સાઈકલિંગથી કાપવામાં આવ્યું હતું. આ દરમિયાન આ ટીમે બીઍસઍફની વિવિધ બૉર્ડર આઉટ પોસ્ટની મુલાકાત પણ લીધી હતી. ટીમ દ્વારા સાઈકલિંગનો પ્રારંભ કોટેશ્વરથી કરવામાં આવ્યો હતો. સાહસ કાર્યક્રમ બાદ ધ્રાંગધ્રા મિલિટ્રી સ્ટેશન ખાતે આ ટીમનું સ્વાગત ગોલ્ડન કતાર આર્ટીલરી બ્રિગેડના કમાન્ડર બ્રિગેડિયર ઍસ ઍસ બખ્શી દ્વારા કરવામાં આવ્યું હતું. બ્રિગેડીયરે આ સાહસિક ટીમના સભ્યો સાથે સાહસ કાર્યક્રમ બાબતે વિગતે વાતો કરી હતી અને તેમને અભિનંદન આપ્યા હતા.

## ડાયરેક્ટ ❤ સે

જરૂરી નથી
બધે તલવાર લઈને ફરવું
ધારદાર ઈરાદાઓ જ
વિજેતા બનાવે છે જીવનમાં

## આર જી પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓ દ્વારા કૉલેજના ગ્રંથાલયની શૈક્ષણિક મુલાકાત

ગાંધીનગર, તા. ૧૬

આર જી પટેલ કન્યા શાળાની વિદ્યાર્થીનીઓએ તાજેતરમાં મહિલા કૉલેજના ગ્રંથાલયની શૈક્ષણિક મુલાકાત લીધી હતી.

સર્વ વિદ્યાલય પરિસર, સૅક્ટર-૨૩ ખાતે કાર્યરત ઉમાબા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજની લાયબ્રેરીની આ મુલાકાત દરમિયાન યુજીસી દ્વારા મળતા લાભ, ગ્રંથાલયમાં ઉપલબ્ધ પુસ્તકો, તેમની ગોઠવણ, સંદર્ભ ગ્રંથો, ઍનસાઈક્લોપેડિયા, ભગવદ્‌ગોમંડલ, રૅફરન્સ પુસ્તકો, વિષય સંબંધિ તથા અન્ય માહિતી આધારિત સામયિકો, ઈન્ટરનેટ આધારિત પુસ્તકોની આપલેની માહિતી, રિસર્ચ સંબંધી માહિતી ગૂગલના માધ્યમથી કેવી રીતે શોધવી, ગ્રંથાલયમાં આવતાં દૈનિક પત્રો તેમજ પુસ્તકાલય સંબંધી તમામ માહિતી વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાપ્ત કરવામાં આવી હતી.

ગ્રંથાલયનાં સંચાલક મયુરીબેન દ્વારા સઘળી ઉપયોગી માહિતી વિદ્યાર્થીનીઓને આપવામાં આવી હતી અને તેમના દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના ઉત્તરો પણ સંતોષકારક રીતે પાઠવવામાં આવ્યા હતા. આ મુલાકાત દરમિયાન મંજુલાબેન ચૌધરી તથા શાળાના ગ્રંથપાલ મુકેશભાઈ ત્રિવેદી વિદ્યાર્થીનીઓ સાથે રહ્યા હતા અને તેમને ઉપયોગી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ મુલાકાતને વિદ્યાર્થીનીઓ દ્વારા ઉપયોગી મુલાકાત તરીકે લેખવામાં આવી હતી.

**જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય.**

**- સંપાદક**

# માણસ પોતે ઉકળતા ચરૂ જેવો છતાં ચાહે શાંતિ !




બહુ જ ચિત્ર-વિચિત્ર છે દુનિયાની રીત-રસમો જેનાથી દરેક વ્યક્તિ પરેશાન થતી જ રહે છે. બાળકનો કાળક્રમે જે વિકાસ થાય તે યુવા વયે નાગરિક બને અને પોતાનું યથાશક્તિ યોગદાન કરે છે પણ આ વિકાસ ક્રમમાં ઘણી જ નવીનતમ વાસ્તવિકતાઓ પ્રવર્તમાન હોય છે. નાનાં ભૂલકાંને જલદીથી મોટાં થવાની જિજ્ઞાસા અને તાલાવેલી હોય છે. ઘરમાં માબાપ અને સ્કૂલનાં ગુરુજનો એવું જ શીખવે છે કે બધું યાદ રાખતાં જવાનું, પરીક્ષા આવે તો પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે પાસ થવાનું. આ પ્રકારનો સામાજિક માહોલ છે. બચપણ એ જીવનનો સૌથી નિર્દોષ તબક્કો છે તેને માણવાના બધા મોકા અને ચોકા પ્રતિદિન કમ થતા જાય છે. જીવનની સચ્ચાઈ શરૂઆતથી જ તેને જોવા-જાણવા મળતી નથી. વહેતી નદી, વહેતા ઝરણા, જંગલનાં વિવિધ પક્ષીઓ, જીવજંતુઓ, રમવામાં આવતી બાલ્યાવસ્થાની રમતો વગેરેથી તે હવે સાવ વંચિત છે. બાળકોનું બચપણ ફ્લેટિયું અને બંધિયાર થઈ ચૂક્યું છે, તેને જે નાસ્તો કે ભોજન ઉપલબ્ધ છે તેમાં સમાજ દ્વારા ઉમેરેલા ભ્રષ્ટાચારનું બીજ જોવા મળે છે. અર્થાત કોઈ ચીજ ભેળસેળ વિનાની રહી નથી. કુદરતી પાકેલાં ફળ કે શુદ્ધ દૂધ-ઘી પણ રહ્યાં નથી. ભૂલકાઓને ચશ્માવાળાં જોઈને દિલને ઘા વાગી જાય છે અને મનને એમ થાય છે કે આ પ્રકારનાં બાળકો ભારતના ભાવિ માટે શું કરી શકશે!



ઘરના વડીલો, માબાપ પણ આજની સ્થિતિ સામે લાચાર છે કેમકે ઘર ચલાવવામાં તેઓ પરેશાન છે ત્યાં બાળકો એની રીતે મોટાં થતાં રહે છે. જુઓ, વિદેશનાં ભૂલકાઓ - પોતાનો નાસ્તો, જમવાનું, તેમની રમતગમત અને પછી તુલનાત્મક રીતે વિચાર કરજો તો સમજાશે કે અહીં ભારતમાં માણસ શા માટે દિનરાત ઉકળતા ચરૂ જેવો રહે છે. સમાજની શૈશવ પરત્વેની બેકાળજી મુખ્ય મુદ્દો છે. આ ઉપરાંત બાળક પોતાના ઉછેરમાં પ્યારદુલારથી વંચિત રહી જાય છે.

ભૌતિક વિકાસની ભૂખ હોવી એ કંઈ ખોટું નથી પરંતુ હવેના યુગમાં અસ્તિત્વની લડાઈ ચાલે છે. ત્યારે સંતાનોને વહાલની ઉણપ રહી જાય છે જે નરી આંખે તો દેખાતી નથી પણ આ ઉણપ સમાજમાં ઘરેલૂ તથા બહારના ઉગ્રવાદને જન્મ આપે છે. ઉગ્રવાદ સીમા પારથી તો હેરાન કરે જ છે, પરંતુ સમાજરચના અને રાષ્ટ્રની જે આર્થિક હાલત પ્રવર્તે છે તેમાં પ્રત્યેક ઘરનાં બાળકો ખરા પ્રેમરસથી અધૂરાં રહી જાય છે. અને આ જ મુખ્ય ચિંતાની બાબત છે.

કુપોષણની માત્રા ઘણી વધારે છે તે વિવિધ સર્વેક્ષણથી સાબિત થઈ ગયું છે`પણ ઉત્તમ માનવી પેદા કરવામાં ઉમદા પ્યારવાળી માવજત બહુ જ ઘટે છે માટે સમાજમાં દરેક પ્રકારની અજંપાયુક્ત સ્થિતિ ઊભી થઈ છે. માબાપ પોતાનાં અરમાનો પણ સંતાનો ઉપર નાખતાં રહે છે, જેના કારણે ભારતમાં સૌથી વધુ આત્મઘાત યુવાનો કરી રહ્યા છે. પારિવારીક પ્રેમ પરિવાર વિના કશેથી મળી શકે નહીં અને કશેથી મળે તો પરિવાર એ પ્રેમને ઘરમાં પ્રવેશવા દેતો નથી. આ પ્રકારે આ એક સામાજિક સમસ્યા બની રહે છે. માનસિક, બૌદ્ધિક તથા શારીરિક વિકાસની પ્રક્રિયા ભારતમાં અતિ વિકૃત છે, એટલે જ અહીં અપઘાતો છે, શોષણ, રેપ, ઉત્પીડન છે. હવે પ્રત્યેક ઘરમાં બાળકોને પ્યાર મળે એટલી કાળજી પણ લેવામાં આવે એ અતિ આવશ્યક છે.

બાળકો ટીવીના કાર્યક્રમો જોતાં એનાં પાત્રોને પોતાના આદર્શ રાખી ઉછરી રહ્યાં છે. તેમને કુદરતના ખોળે રમવા લઈ જવા ખૂબ જરૂરી છે. ચકા, ચકી કે પક્ષીઓ માત્ર બૂક્સમાં જ જોઈ શકીએ છીએ એ આજના યુગની કહેવાતી પ્રગતિની કરૂણતા જ કહી શકાય. સાચી દુનિયા, સાચો પ્રેમ, સાચી લાગણી મજબૂત સંબંધોને રૂપ અને બળ આપે છે, જે ભાવિ સમાજની ભલાઈ માટે જરૂરી બાબત છે.

**શેર આસ્વાદ**

એ રીતે તું યાદ આવે છે મને
જાણે ટહુકો છે અને કોયલ નથી
(બાલુ પટેલ)

## કે બી ઈન્સ્ટીટ્યુટ ખાતે વિદ્યાર્થીઓ માટે ટ્રેઈનીંગ પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

કે બી ઈન્સ્ટીટ્યુટ ઑફ ફાર્માસ્યુટીકલ ઍજ્યુકેશન ઍન્ડ રિસર્ચ, સૅક્ટર-૨૩ દ્વારા સંસ્થામાં અભ્યાસ કરી રહેલા વિદ્યાર્થીઓ માટે સંસ્થાની પ્લેસમૅન્ટ કમિટી દ્વારા કેરિયર મૅનૅજમૅન્ટ ટ્રેઈનીંગ પ્રોગ્રામ અંતર્ગત સીવી ઍન્ડ રિઝ્યુમ રાઈટિંગ ફૉર ઍમ્પ્લોબિલિટી વિષયે નવસારી કૃષિ યુનિવર્સિટીના પ્રાધ્યાપક અને કારકિર્દી તજ્જ્ઞ ડૉ. મેહુલ જી ઠક્કરે હાજર રહી સવિસ્તાર અને વિશેષ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. વિદ્યાર્થીઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ તેમણે પાઠવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા પ્લેસમૅન્ટ કમિટીના સભ્યોએ જહેમત ઊઠાવી હતી.

## વાચકોને આમંત્રણ

### સંવેદના વિભાગમાં સ્વાનુભવો લખવા

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવે છે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું હોય છે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવે છે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે. આ વખતનો વિષય છે :

**'મારી યાદગાર સ્કૂલ'**